પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૭૫ | ૨૬ મે, ૨૦૧૯, રવિવાર; વૈશાખ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ફીર એક બાર, મોદી સરકાર

**મોદી ભાજપ-એનડીએ સંસદીય દળના નેતા તરીકે ચૂંટાઇ આવ્યા : સંસદના સેન્ટ્રલ હોલમાં સર્વસંમતિથી પસંદગી : સંસદીય દળના નેતા તરીકે ચૂંટાયા બાદ નરેન્દ્ર મોદીએ લાલકૃષ્ણ અડવાણીના આશીર્વાદ લીધા : તમામ ચૂંટાયેલા સાંસદ-વિવિધ રાજ્યોના મુખ્યમંત્રી હાજર**







નવીદિલ્હી, તા. ૨૫

સંસદના સેન્ટ્રલ હોલમાં આજે નરેન્દ્ર મોદીની વિધિવતરીતે ભાજપ અને એનડીએના સંસદીય પક્ષના નેતા તરીકે પસંદગી કરવામાં આવી હતી. ટાળીઓ વચ્ચે અને મોદી મોદીના નારા વચ્ચે પહેલા મોદી ભાજપ સંસદીય પક્ષના નેતા તરીકે અને ત્યારબાદ એનડીએના નેતા તરીકે ચુંટાઈ આવ્યા હતા. સંસદીય પક્ષના નેતા તરીકે ચૂંટાઈ આવ્યા બાદ મોદીએ લાલકૃષ્ણ અડવાણીના ચરણ સ્પર્શ કરીને આશીર્વાદ લીધા હતા. સાંજે પાંચ વાગ્યાથી પહેલા જ ભાજપના તમામ ચૂંટાયેલા સાંસદ, મોટા નેતા, એનડીએના નેતા સેન્ટ્રલ હોલમાં પહોંચી ગયા હતા. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સહિત જુદા જુદા રાજ્યોના મુખ્યમંત્રી પણ ઉપસ્થિત રહ્યા હતા. સાંજે આશરે પાંચ વાગે નરેન્દ્ર મોદી સેન્ટ્રલ હોલ પહોંચ્યા હતા. સીડી ઉપરભાજપ પ્રમુખ અમિત શાહ અને રાજનાથસિંહે તેમનું સ્વાગત કર્યુ હતું. મોદીના આવ્યા બાદ વંદે માતરમની ધૂન સાથે ભાજપ સંસદીય દળની ઔપચારિક બેઠક યોજાઈ હતી. રાષ્ટ્રગીત બાદ ભાજપ પ્રમુખ અમિત શાહે ભાજપ સંસદીય પક્ષના નેતા તરીકે નરેન્દ્ર મોદીના નામનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો ત્યારબાદ તમામ સભ્યોએ તેનું સ્વાગત કર્યું હતું. પ્રસ્તાવને ભાજપના પૂર્વ અધ્યક્ષ રાજનાથસિંહ અને નીતિન ગડકરીએ ટેકો આપ્યો હતો. ત્યારબાદ ભાજપના તમામ ચૂંટાયેલા સંસદ સભ્યોએ હાથ ઉઠાવીને મોદીના નારા વચ્ચે પ્રસ્તાવનું સમર્થન કર્યું હતું. ત્યારબાદ ભાજપ પ્રમુખ અમિત શાહે સર્વસંમતિથી મોદીને ભાજપ સંસદીય પક્ષના નેતા ચૂંટાઈ આવ્યા હોવાની જાહેરાત કરી હતી. ભાજપના સંસદીય દળના નેતા તરીકે ચૂંટાઈ આવ્યા બાદ મોદીને એનડીએ સંસદીય પક્ષના નેતા ચૂંટી કાઢવામાં આવ્યા હતા. શિરોમણી અકાળી દળના સ્થાપક પ્રકાશસિંહ બાદલે મોદીએ એનડીએ સંસદીય પક્ષના નેતા ચૂંટી કાઢવાનો પ્રસ્તાવ રજૂ કર્યો

● અનુસંધાન પાન-૭ પર







## રાહુલ ગાંધીના રાજીનામાની ઓફરને કારોબારીએ ફગાવી

**દેશભરમાં ચૂંટણીમાં હાર માટેની જવાબદારી રાહુલે સ્વીકારી : કમલનાથ ગેરહાજર રહ્યા : જવાબદાર અને રચનાત્મક વિપક્ષની ભૂમિકા ભજવવા કોંગ્રેસ તૈયાર**

નવીદિલ્હી, તા. ૨૫

લોકસભાની ચૂંટણીમાં દેશભરમાં કારમી હારની જવાબદારી સ્વીકારીને કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ આજે રાજીનામાની ઓફર કરી હતી પરંતુ પાર્ટીની કારોબારી સમિતિએ તેમની ઓફરને ફગાવીદીધી હતી અને કહ્યું હતું કે, પાર્ટીને રાહુલ ગાંધીની જરૂર છે. રાહુલ ગાંધીને પાર્ટીમાં તમામ જરૂરી સુધારા અને ફેરફાર કરવાની પણ સત્તા પણ આપવામાં આવી છે. બેઠક પૂર્ણ થયા બાદ કોંગ્રેસના મિડિયા પ્રભારી રણદીપ સુરજેવાલાએ અન્ય નેતાઓની સાથે પત્રકાર પરિષદને સંબોધતા કહ્યું હતું કે, રાહુલની ઓફરને સર્વસંમતિથી ફગાવી દેવામાં આવી હતી. કાર્યસમિતિમાં જુદા જુદા પાસાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

કાર્યસમિતિએ રાહુલ ગાંધીને એમ કહીને પાર્ટીના રચનાત્મક માળખામાં ધરખમ ફેરફાર કરવા માટે પણ સત્તા સોંપી હતી. પાર્ટીને યોગ્ય પરિસ્થિતિમાં નેતૃત્વની જરૂર હોવાની વાત પણ કરવામાં આવી હતી. સુરજેવાલાએ કહ્યાં હતું કોંગ્રેસ ૨૦૧૯ના જનાદેશને વિનમ્રતાથી

● અનુસંધાન પાન-૭ પર

**Required**

- Receptionist (F)
  Qualification : Graduate
- Senior Clerk (F)
  Qualification : Graduate

Address : A/38, Electronic Estate, GIDC, Sector-25, Gandhinagar-382025
Mo : 6351200186 • Email : info@pegasusllp.com
Interview Timing : 11.00 to 5.00 PM

**સ્પર્ધાત્મક પરીક્ષાનો સેમીનાર મોકુફ**

અનિવાર્ય સંજોગોને કારણે
તા. ૨૬-૦૫-૨૦૧૯ને રવિવાર ના રોજ
ચાંદખેડા રાખેલ સેમીનાર મોકુફ રાખેલ છે.

KCA KNOWLEDGE CAREER ACADEMY
KNOWLEDGE CAREER ACADEMY LLP
Parth Education, 301 To 306, Vitthal Complex, Opp. Sakar English School, New C G Rd, Chandkheda, Ahmedabad. Ph: 9227403030

**ROOPKALA**
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

